BAOU Education for All

Dr. Babasaheb Ambedkar Open University

(Established by Government of Gujarat)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

BAOU CATEGORY UNIVERSITY 1 GRADED AUTONOMY UGC

BAOUમાં 'સંસ્કૃત ટુરિઝમ'નો નવો કન્સેપ્ટ વિકસાવાશે: પ્રો. અમી ઉપાધ્યાય

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં સંસ્કૃતકક્ષનું ઉદ્‌ઘાટન

નવગુજરાત સમય > અમદાવાદ



ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, શિક્ષણ વિભાગ, ગાંધીનગરના સહયોગથી તા.1 સપ્ટેમ્બરે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના જ્યોતિર્મય પરિસરમાં સંસ્કૃતકક્ષનું શંખનાદ, દીપપ્રાગટ્ય અને વૈદિક મંત્રોચ્ચાર સાથે ઉદ્‌ઘાટન કરાયું હતું. આ સાથે સંસ્કૃતસપ્તાહ અંતર્ગત સંસ્કૃત સાહિત્યદિવસની ઉજવણી કરાઈ હતી. સમગ્ર કાર્યક્રમ યુનિવર્સિટીનાં કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયના માર્ગદર્શન અને માનવવિદ્યા અને સમાજશાસ્ત્ર વિભાગના નિયામક પ્રો. યોગેન્દ્ર પારેખના દિશાનિર્દેશ હેઠળ યોજાયો હતો. સમારોહના મંચ પર યુનિવર્સિટીનાં કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાય, ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના અધ્યક્ષ હિમાંજય પાલીવાલ, કપડવંજ મહાવિદ્યાલયના આચાર્ય વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અને પ્રો. યોગેન્દ્ર પારેખ ઉપસ્થિત રહ્યાં હતા.

પ્રો. યોગેન્દ્ર પારેખે જણાવ્યું કે સંસ્કૃતકક્ષના ઉદ્‌ઘાટનથી યુનિવર્સિટીના જ્યોતિર્મય પરિસરમાં એક નવી જ્યોતિનો ઉમેરો થયો છે. આ પ્રસંગે ડૉ. વિનોદ માજીરાણાએ ' ગામે નગરે સમસ્ત રાષ્ટ્રે રચયેમ સંસ્કૃત ભવનમ્' ગીતની પ્રસ્તુતિ કરી હતી.

અધ્યક્ષીય ઉદબોધનમાં પ્રો. અમી ઉપાધ્યાયે જણાવ્યું કે સંસ્કૃત માત્ર એક ભાષા નથી. તે સુમધુર સંગીત અને ભારતીય ઓળખનું સશક્ત માધ્યમ છે. કોઈપણ સંસ્કૃતિનું જતન તેની ભાષાની જાળવણી પર નભે છે. ભાષા સીમિત થવાથી વિચારો અને સંસ્કૃતિ પણ સીમિત થઈ જાય છે. ઈઝરાયેલમાં લુપ્ત થયેલી હીબ્રુ ભાષાનું પુનરુત્થાન ત્યાંના લોકોના દૃઢ રાષ્ટ્રપ્રેમ અને પ્રતિબદ્ધતાનું પરિણામ છે. સંસ્કૃત ભાષા કોઈ ચોક્કસ વર્ગ કે જ્ઞાતિ પૂરતી મર્યાદિત નથી. ડૉ. બાબાસાહેબ આંબેડકરે બંધારણની ચર્ચા દરમિયાન તેને રાષ્ટ્રભાષા બનાવવાનું સમર્થન કર્યું હતું. અર્થશાસ્ત્ર, વિજ્ઞાન, સાહિત્ય અને અન્ય તમામ ભારતીય ભાષાઓનો મૂળ આધાર સંસ્કૃત છે. વધુમાં તેમણે યુનિવર્સિટીના કર્મચારીઓ અને આસપાસના નાગરિકો માટે 20 દિવસનો નિઃશુલ્ક સંસ્કૃત સંભાષણ વર્ગ શરૂ કરવાની તેમણે ઘોષણા કરી હતી. આ ઉપરાંત રામાયણ, વેદ અને પ્રાચીન વિરાસતના સ્થળોને સાંકળીને 'સંસ્કૃત ટુરિઝમ'નો નવો કન્સેપ્ટ વિકસાવવાનો વિચાર પણ રજૂ કર્યો. મુખ્ય અતિથિ હિમાંજય પાલીવાલે સંસ્કૃત ભાષામાં વક્તવ્ય રજૂ કર્યું હતું. ભાષાના પ્રચાર અને તેના મહત્ત્વ વિશે વાત કરતા કહ્યું કે સંસ્કૃત ભવનનું સાચું નિર્માણ ભૌતિક ઈંટોથી નહીં, ભાષાના સક્રિય સંભાષણ અને વિચારોથી થાય છે.